પ્રત્યેક બાળક મહત્ત્વનું છે
Children's University
તેજસ્વી બાલક : તેજસ્વી ભારત
# ॥ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ॥
કુલસચિવ
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, છ-૫ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલની નજીક, સેક્ટર-૨૦,
ગાંધીનગર-૩૮૨૦૨૧. ફોન : ૦૭૯-૨૩૨૪૪૫૬૯, ૨૩૨૪૪૫૭૬
E-mail : rcu.gujarat@gmail.com Website : www.cugujarat.ac.in

ચિ.યુ./વિ.કે./પત્ર/૨૦૨૦/૯૩૩-૯૬૬ તા: ૨૬/૦૬/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય

વિષય : આપના તાબા હેઠળની શાળાઓને વિદ્યાનિકેતન તરીકેની માન્યતા માટે જાણ કરવા બાબત.

માનનીયશ્રી,

સાદર નમસ્કાર.

રાજ્ય સરકારશ્રી શિક્ષણમાં ગુણવત્તાની અભિવૃદ્ધિ થાય તેવાં ઉમદા આશયથી બહુવિધ પ્રયાસો હાથ ધરે છે. તે માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં તા.૩૧/૦૭/૨૦૦૯ના રોજ પ્રસિદ્ધ થયેલાં "GUJARAT ACT NO15" મુજબ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. માતાના ગર્ભથી ૧૮ વર્ષના તરુણનો સર્વદેશીય વિકાસ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર છે. આ માટે વિવિધ વિદ્યાલયોમાં શિક્ષણના પ્રયોગો કરવા અને વિદ્યાલયોને શૈક્ષણિક માર્ગદર્શન આપવા સારુ તેઓને માન્યતા આપીને જોડાણ આપવાની જોગવાઈ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના એક્ટમાં નીચે મુજબ છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના એક્ટની કલમ ૬ની પેટાકલમ (૯) મુજબ શિક્ષણના જુદા જુદા તબક્કે "વિદ્યાનિકેતન" ઊભા કરવાની બાબત છે. વિશ્વવિદ્યાલય સંકુલમાં કે અન્યત્ર રહેલા આવા વિદ્યાનિકેતનોમાં સંશોધન, શિક્ષણ, પ્રશિક્ષણ, અને વિસ્તરણ કાર્યો કરવાની બાબતો સમાવિષ્ટ છે. વળી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના એક્ટની કલમ ૬ ની પેટાકલમ (૧૬) , (૧૭) માં વિદ્યાનિકેતન તરીકે ઓળખાતી, પસંદગી પામેલી માન્યતા પ્રાપ્ત અને સંલગ્ન શાળાઓ માટે વ્યવસ્થા, આયોજન અને સંચાલનનું તંત્ર ગોઠવી વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો હાથ ધરવાની બાબતનો સમાવેશ કરેલો છે. આ ઉપરાંત એક્ટની કલમ ૨૪ ની પેટા કલમ (૩)માં ભવનો અને સંસ્થાઓને જોડાણ અને માન્યતા આપવાની બાબતનો ઉલ્લેખ છે.

ઉપર જણાવેલી વિગતોને ધ્યાનમાં રાખી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વિચારધારા, દર્શન અને લક્ષ્ય મુજબ કાર્ય કરવા ઉત્સાહી અને વચનબદ્ધ વિદ્યાલયોને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી **'વિદ્યાનિકેતન'** તરીકે માન્યતા આપી જોડાણ આપે છે. આ સાથે વિદ્યાનિકેતનની માન્યતા મેળવવા ફોર્મ ભરવા અંગેની સૂચનાઓ સામેલ છે. તે ઉપરાંત વિદ્યાનિકેતનમાં કરવાની થતી પ્રવૃત્તિઓ તથા કાર્યક્રમની વિગતોનું બ્રોશર પણ સામેલ છે. વિદ્યાનિકેતન તરીકે જોડાવવા વધુ વિગતો અમારી વેબસાઇટ www.cugujarat.ac.in પર ઉપલબ્ધ છે. **જે માટે આપના તાબા હેઠળ આવતી સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર શાળાઓને વિદ્યાનિકેતન તરીકે માન્યતા આપવા તમામ શાળાઓને આપની કક્ષાએથી જાણ કરવા વિનંતી.**

પરિપત્ર નં :- ૪૧૪

ક્રમાંક:યોજના/ચિલ્ડ્રન્સયુનિવર્સીટી/માન્યતા/૨૦૨૦-૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી
તા.૦૧/૦૭/૨૦૨૦

ઉપરોક્ત પરીપત્ર જાણ સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
આ જીલ્લાની માધ્ય અને ઉ.માં. શાળાઓ તમામ
જિ.અમરેલી

Scanned with CamScanner

**Children's University**

Subhashchandra Bose Sikshansankul, Near Chh 5 Children's University Circle,

Sector -20, Gandhinagar, Phone No. – (079) 23244569

Website : www.cugujarat.ac.in


જાહેરાત ક્રમાંક : ....../2020

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ગર્ભસ્થ શિશુથી માંડીને વિદ્યાર્થી 18 વર્ષનો થાય ત્યાં સુધી એના સર્વાંગીણ વિકાસ માટે કાર્યરત છે. આ કાર્યના બે વિભાગો તપોવન અને વિદ્યાનિકેતનમાં ગુજરાતની વિવિધ સંસ્થાઓને જોડાવા માટે યુનિવર્સિટી અરજીઓ આમંત્રિત કરે છે.

| વિભાગનું નામ | વિભાગની વિગતો |
|---|---|
| તપોવન | બાળકના શિક્ષણ અને સંસ્કારની શરૂઆત ગર્ભથી જ થઈ જાય છે. ગર્ભવિજ્ઞાન અને ગર્ભસંસ્કાર ભારતનો પ્રાચીન અને સિદ્ધ થયેલો વૈજ્ઞાનિક અભિગમ છે. ગર્ભસ્થ શિશુને ગર્ભવતી માતાના માધ્યમથી શિક્ષણ અને સંસ્કાર આપવાનું આ કાર્ય ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી 'તપોવન કેન્દ્ર' નામની યોજના દ્વારા કરી રહી છે. આ પ્રક્રિયા દ્વારા માતાઓ ઇચ્છિત તેજસ્વી સંતાન પ્રાપ્ત કરી શકે છે.<br>જે NGO/સંસ્થાઓ આવું 'તપોવન કેન્દ્ર' શરૂ કરવા તત્પર હોય તે અરજી કરી શકે છે.<br>વધુ વિગતો માટે જુઓ :- http://tapovan.cugujarat.ac.in/ |
| વિદ્યાનિકેતન | વિદ્યાર્થીનો સર્વાંગીણ વિકાસ થાય એ માટે દરેક શાળા - વિદ્યાલય પ્રયત્નશીલ હોય છે. આ પ્રક્રિયામાં કેટલાક મહત્ત્વના વિષયોનું જીવનશિક્ષણ અને જીવંત શિક્ષણ આપવાની અનૌપચારિક પદ્ધતિઓ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ વિકસાવી છે.<br>શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ક્ષમતા, કૌશલ્યવિકાસ અને ગુણવત્તા સુધારવાના યુનિવર્સિટીના પ્રયાસો શાળાઓને ઉપયોગી થઈ શકે તેમ છે. વિદ્યાર્થીઓની તેજસ્વિતા અને શિક્ષકના શિક્ષકત્વમાં અભિવૃદ્ધિ થાય એ હેતુથી 'વિદ્યાનિકેતન' પ્રકલ્પ હેઠળ શાળાઓને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી માન્યતા આપી જોડાણ કરવા ઇચ્છે છે. માન્યતા મેળવવા ઇચ્છિતી શાળાઓ અરજી કરી શકે છે.<br>વધુ વિગતો માટે જુઓ:- http://www.cugujarat.ac.in/vidhyaniketan |

ઉપર્યુક્ત વિભાગોમાં રસ ધરાવતી સંસ્થાઓએ તારીખ: 05/06/2020 થી તારીખ : 05/07/2020 સુધી ઉપર જણાવેલી વેબસાઇટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે, તેમ જ ઓનલાઈન અરજીની હાર્ડ કોપી જરૂરી આધારો સાથે તારીખ : 13/07/2020 સુધી યુનિવર્સિટીના સરનામા પર, રજી.પો.એ.ડી અથવા સ્પીડ પોસ્ટ દ્વારા કવર પર જે તે વિભાગના સ્પષ્ટ ઉલ્લેખ સાથે મોકલી આપવાની રહેશે. વધુ વિગતો માટે અમારી વેબસાઈટની મુલાકાત લેવી.

રજિસ્ટ્રાર

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર

તારીખ : 05/06/2020

Scanned with CamScanner

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

## 'વિદ્યાનિકેતન'

## ઓનલાઈન અરજી કરવાની અગત્યની સૂચના

આ જાહેરાતના સંદર્ભમાં યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન ફોર્મ ભરી ત્યારબાદ હાર્ડ કોપીમાં કરેલી અરજી SPEED POST/ RPAD દ્વારા જ સ્વીકારવામાં આવશે. જોડાણ ઇચ્છુક શાળા/સંસ્થા તા: ૦૫/૦૬/૨૦૨૦, થી તા: ૦૫/૦૭/૨૦૨૦ www.cugujarat.ac.in પર અરજી કરી અને તા:- ૧૩/૦૭/૨૦૨૦, ૧૭.૦૦ કલાક સુધીમાં મોકલી શકશે. જોડાણ ઇચ્છુક શાળા/સંસ્થા એ અરજી કરવા માટે નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે. યુનિવર્સિટીને હાર્ડ કોપી મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.

1) સૌ પ્રથમ www.cugujarat.ac.in પર જવું.
2) ત્યારબાદ તેમાં 'VIDYANIKETAN' ટેબ પર Click કરો.
3) તેમાં 'Application' દેખાશે. જેના પર Click કરો.
4) આમ કરવાથી નીચે આપેલી બધી જ ટેબની વિગતો એક પછી એક ભરવી. અરજી કરતાં પહેલા ઉપર દેખાતા "સ્ટેપ્સ ઓફ એપ્લિકેશન" પર ક્લિક કરી ખોલી ને વાંચવા.




5) જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ શાળા/સંસ્થાએ કરવો. અને ત્યારબાદ ફોર્મ ભરવાનું ચાલુ કરવું.
6) લાલ ફુદરડી (*) ની માહિતી હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે. 'પ્રાથમિક માહિતી'માં જ્યાં Mobile Number અને email ID માગવામાં આવ્યાં છે, તેની વિગત લખવી જેથી જરૂર જણાયે યુનિવર્સિટી શાળા/સંસ્થા ને માહિતગાર કરી શકે.
7) 'પ્રાથમિક માહિતી' ભરાયા બાદ અન્ય શાળાકીય / સંસ્થાકીય માહિતી ચોકસાઈથી ભરવાની રહેશે જે વિગતો અનુક્રમે ૧ થી ૧૯ના ક્રમમાં આપેલી છે.
8) ક્રમ ૧ અને ૨ ની વિગત 'હા' કે 'ના' માં ભરવાની રહેશે.
9) ક્રમ ૩ ની વિગતમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ ધરાવતી શાળાઓ અને સંસ્થાઓએ માન્યતા નંબર દર્શાવવાનો રહેશે.
10) ક્રમ ૪ની વિગતમાં શાળા/સંસ્થા શરૂ થયાનું વર્ષ આંકડામાં દર્શાવવાનું રહેશે. (ઉ.દા. – ૨૦૦૫)
11) ક્રમ ૫માં માધ્યમની પસંદગી બાજુમાં આપેલ ચોરસ ખાનામાં ક્લીક કરી √ ની નિશાની કરવાની રહેશે.
12) ક્રમ ૬માં જોડાણ ઇચ્છુક શાળા/સંસ્થામાં ચાલતા વિવિધ વિભાગોની માહિતી આપવાની રહેશે. જેમાં ચાલતા વિભાગોની બાજુમાં આપેલ ચોરસ ખાનામાં ક્લીક કરી √ ની નિશાની કરવાની રહેશે. અને તેના સામેના ખાનામાં માન્યતા નંબર અને માન્યતા પ્રાપ્ત કર્યાની તારીખ દર્શાવવાની રહેશે.

નોંધ : <u>વિદ્યાનિકેતન માન્યતા માટે ઇચ્છુક શિશુવાટિકા, બાલમંદિર કે પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપતી કોઇ પણ સંસ્થાએ માન્યતા નંબર આપવાનો રહેતો નથી. માત્ર √ ની નિશાની દ્વારા સ્પષ્ટતા કરવાની રહેશે.</u>

13) ક્રમ ૭ થી ૯માં આંકડા દ્વારા શાળા/ સંસ્થાકીય માહિતી આપવાની રહેશે. ક્રમ ૭માં તાલિમી શિક્ષકો એટલે, પ્રિ. પી.ટી.સી. / પી.ટી.સી./ બી.એડ. પદવી ધરાવતા શિક્ષકો. ક્રમ ૮ની વિગતો આવી જશે. તે બદલવાની જરૂર નથી.

નોંધ : એક અંકી માહિતી દર્શાવવાની હોય તો અંકની આગળ શૂન્ય લગાડો (ઉ.દા. – ૦૫)

Scanned with CamScanner

14) ક્રમ ૧૦માં શાળા/સંસ્થામાં રહેલી સવલતોને દર્શાવવા માટે બાજુમાં આપેલા ચોરસ ખાનામાં Click કરી √ ની નિશાની કરવાની રહેશે.

15) ક્રમ ૧૧ થી ૧૯માં બાજુમાં આપેલ Select બટન પર Click કરી શાળા/સંસ્થાએ પોતાની યોગ્યતાના આધારે વિકલ્પ પસંદ કરવાનો રહેશે.

16) તમામ વિગતો ભર્યા બાદ નીચે આપેલ submit બટન પર Click કરો અને ત્યારબાદ Print કરો.

17)અરજી ફી :

I. પ્રત્યેક અરજી સાથે રૂ. ૫૦૦/- ઓનલાઈન ફી ભરવાની રહેશે. ભરેલ ફીની e-receipt ની "Print" કાઢી લેવાની રહેશે અને અરજીપત્રક સાથે જોડીને રજૂ કરવાની રહેશે

II. ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. Online ફી ભરેલ નહીં હોય તેવી શાળા/સંસ્થાની કોઇ પણ સંજોગોમાં હાર્ડ કૉપી દ્વારા મોકલાવેલ અરજીને ધ્યાને લેવામાં આવશે નહીં.

III. આ ફી ફક્ત Online જ સ્વીકારવામાં આવશે, રોકડમાં, ડિમાન્ડ ડ્રાફ્ટથી, ઇન્ડિયન પોસ્ટલ ઓર્ડર કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામા આવશે નહીં, જેની શાળા/સંસ્થાએ ખાસ નોંધ લેવી.

IV. અરજી ફી તથા જોડાણફીના નિયમો હાલ જોડાયેલા વિદ્યાનિકેતનોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે લાગુ પડશે નહીં. નવેસરથી જોડાવા ઇચ્છુક વિદ્યાલયોને લાગુ પડશે.

18)ફી જમા કરાવવા માટે આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા "Other Payment Mode"ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી .ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઈ ગઈ છે તેવું Screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે .જેની "Print" કાઢી લેવી .જો પ્રક્રિયામાં કોઈ ખામી હશે તો Screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.

19)ફોર્મ ઓનલાઇન સબમીટ થયા બાદ તેની પ્રીન્ટ લઇ ફોર્મમાં માગેલા આધારો તથા નીચે દર્શાવેલા પત્રકો/ વિગતો હાર્ડ કોપીમાં મોકલવી.

- શાળાના ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાનું છેલ્લા પાંચ વર્ષના પરિણામની હાર્ડ કોપી
- શાળામાં વર્ષ ૨૦૧૯-૨૦માં કરેલી સહ અભ્યાસિક પ્રવૃતિઓનો અહેવાલ (મહત્તમ બે પૃષ્ઠ)
- શાળામાં થયેલ વિશેષ કાર્યક્રમ (કે જેનો ઉપરના અહેવાલમાં સમાવેશ થયો ન હોય તે જણાવો. (મહત્તમ બે પૃષ્ઠ)
- શિક્ષક – પ્રશિક્ષણની યોજના
- છેલ્લા બે વર્ષના ઓડિટ રીપોર્ટ
- આર્થિક આવકના સ્રોત

20)e-receipt તથા confirm થયેલ અરજીપત્રક સાથે જોડવાનાં આવશ્યક પ્રમાણપત્રો સ્વયં પ્રમાણિત કરીને, લાગુ પડતા ક્રમાનુસાર અચૂક જોડીને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલ પાસે, સેક્ટર-૨૦, ગાંધીનગર, પીનકોડ – ૩૮૨૦૨૦, ગુજરાતના સરનામે આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે.

**નોંધ : આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલાવેલ કવર પર 'વિદ્યાનિકેતનની માન્યતા માટેનું દરખાસ્ત પત્રક' એમ સ્પષ્ટ રીતે વંચાય તે રીતે લખવાનાં રહેશે.**

21)જાહેરાત માટે શાળા/સંસ્થા એ એક જ અરજી કરવી. આમ છતાં સંજોગવશાત્ જો કોઇ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી confirm થયેલ અરજી, તેની સાથે નિયત ફી ભરેલ હશે, તો તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામા આવશે. જો ઉમેદવારે એક થી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રિફંડ કરવામાં આવશે નહીં.

Scanned with CamScanner

22) જો આયોગે નિયત કરેલ તારીખ સુધીમાં સંપૂર્ણ અરજીપત્રક જરૂરી પ્રમાણપત્રો / દસ્તાવેજો સહિત મોકલી આપવામાં નહીં આવે તો ઉમેદવારી રદ કરવામાં આવશે. નિયત તારીખ વીતી ગયા બાદ ખૂટતા પ્રમાણપત્રો કે નહીં મોકલેલ અરજીપત્રકો બાબતે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહીં, તથા આવી અરજીઓ રદ કરવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.

23) શાળા/સંસ્થાને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમિયાન કોઇ શાળા/સંસ્થા , આ જોડાણના નિયમો, તથા જાહેરાતની જોગવાઇઓ મુજબ યોગ્યતા ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઇ પણ તબક્કે રદ્દ કરવામાં આવશે.

:: ખાસ નોંધ ::

ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સાથે જોડાયેલ વિદ્યાનિકેતન શાળાઓએ આ અરજી કરવાની નથી.

વધુ માહિતી માટે ઑફિસ સમય દરમિયાન (રજાનાં દિવસો સિવાય) નીચેનાં મોબાઇલ નંબર પર સંપર્ક કરવો.

મો. નં : 9428850663, 76000 43400

Scanned with CamScanner